🙏શ્રીયમુનાજીની પુષ્ટિ આરતી🙏

જય જય શ્રીયમુના માં જય જય શ્રીયમુના
સ્મરણતા પુષ્ટિ પામ્યા માં સ્મરણતા પુષ્ટિ પામ્યા
માં ધન્ય ધન્ય શ્રીયમુના
માં જય જય શ્રીયમુના 🙏

નમન કરે શ્રીવલ્લભ, સ્તુતિ કરે વૈષ્ણવ જન
માં સ્તુતિ કરે વૈષ્ણવ જન
કૃપા કરો મમ શ્રીપુષ્ટિ(૨) પ્રભુ સેવ્ય સદા મન
માં જય જય શ્રી યમુના 🙏

શ્યામા ચતુર્થપ્રિયા તુ, પુષ્ટિમાર્ગ ભક્તિવર્ધિની
માં પુષ્ટિમાર્ગ ભક્તિવર્ધિની
ભગિની છે યમરાજ તણી (૨) ભવતિ તનુનવત્વ વર્ણી
માં જય જય શ્રીયમુના 🙏

સૂર્યસૂતા પુષ્ટિ ઉર્જિતા, પાવન કરો સેવા માતા
માં પાવન કરો સેવા માતા
સકલ સિદ્ધિ સેવીતા (૨) સ્વભાવ વિજય ધ્રુવિતા
માં જય જય શ્રીયમુના 🙏

અષ્ટસખા પ્રિય કાલિંદી, શ્યામ રતિ વર્ધિની
માં શ્યામ રતિ વર્ધિની
પુષ્ટિ પ્રેમ પટરાણી (૨) વલ્લભ કૃપા ધારીણી
માં જય જય શ્રીયમુના 🙏

🙏શ્રીયમુનાજીની પુષ્ટિ આરતી🙏

વ્રજ ઠકુરાણી, વૈષ્ણવ જનની મહારાણી
માં વૈષ્ણવ જનની મહારાણી
યાચુ છું વ્રજ વાસ (૨) રાખો શરણે આ દાસ
માં જય જય શ્રીયમુના 🙏

મમ અક્ષય પુરુષાર્થ, તટસ્થ નવકાનન ધાત્રી
માં તટસ્થ નવકાનન ધાત્રી
સ્વીકારો વિનંતી મારી (૨) પધરાવો શ્રીનાથજી ધામ
માં જય જય શ્રીયમુના 🙏

આધ્યાત્મિક સ્વરુપે મમ, પુષ્ટિસેવામાં પધાર્યા
માં પુષ્ટિસેવામાં પધાર્યા
વિશ્રામઘાટે આરતી માં ઠકુરાણી ઘાટે આરતી
મન જીવન સ્પંદન પાય
માં જય જય શ્રીયમુના 🙏

જય જય શ્રીયમુના માં જય જય શ્રી યમુના
સ્મરણતા પુષ્ટિ પામ્યા માં સ્મરણતા પુષ્ટિ પામ્યા
માં ધન્ય ધન્ય શ્રીયમુના
માં જય જય શ્રીયમુના🙏

હે પુષ્ટિ પ્રિયે વૈષ્ણવો
આ રચેલ શ્રીયમુનાજીની આરતી આધ્યાત્મિક સ્વરૂપે છે. જે સેવ્ય, પુષ્ટિ સ્પંદન સ્પર્શી છે. અવશ્ય વિશ્વાસ છે કે આપ સર્વે આ રચનાનો સ્વીકાર કરશો
આ આરતીની ગૂંજ, સ્મરણ જેટલી વાર કર્યું તેટલી વાર મને અવશ્ય શ્રીયમુનાજીનાં આધ્યાત્મિક તેજ નો સ્પર્શ થયો છે, કારણકે તે સૂર્યસૂતા છે. સૂર્ય તનીયા છે.